# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર ટૂંક સમયમાં A.I. પર ધ્યાન કેન્દ્રીત કરતું "ડીપ ટૅક મિશન" જાહેર કરશે.
2) પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે સરપંચોને આગામી પાંચ વર્ષના વિકાસકાર્યોનું આયોજન કરી ગામને વિકાસ માર્ગે આગળ લઈ જવા અનુરોધ કર્યો.
3) યુવાનોને વૈશ્વિક કૌશલ્ય વ્યાવસાયિક બનાવવા હેતુસર સરકારે અગ્રણી ઉદ્યોગો સાથે કરાર કર્યાં.
4) રાજ્યમાં 15 લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે - ગાંધીનગરમાં શિક્ષણ મંત્રી ડોક્ટર પ્રદ્યુમન વાજાએ તૈયારીઓની સમીક્ષા કરી.
5) પાટણમાં 49 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો કબજે કરાયો
6) ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં ભારત તથા નામિબિયા વચ્ચે આજે દિલ્હીમાં મુકાબલો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV BHASHINI WORKSHOP GNR

ગાંધીનગરમાં "ભાષિણી રાજ્યમ્ ગુજરાત ચેપ્ટર " વિષય પર એક દિવસની રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાઈ. ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડ અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટૅક્નૉલોજી મંત્રાલય દ્વારા યોજાયેલી આ કાર્યશાળામાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. આધારિત ભાષિણી ટૂલ્સ થકી ગુજરાતી સહિત સ્થાનિક ભાષાઓનો વધુ સારો ઉપયોગ થઈ શકશે.

(BYTE: ARJUN MODHVADIA, SCIENCE AND TECHNOLOGY MINISTER)

આ પ્રસંગે વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગનાં સચિવ પી. ભારતીએ કહ્યું , રાજ્ય સરકાર ટૂંક સમયમાં A.I. પર ધ્યાન કેન્દ્રીત કરતું "ડીપ ટૅક મિશન" જાહેર કરશે. ઉપરાંત ગિફ્ટ સિટીમાં "ઇન્ડિયન A.I. સંશોધન સંસ્થા" અને "A.I. ઉત્કૃષ્ટતા કેન્દ્ર" તેમજ ગાંધીનગર ખાતે ડૅટા સૅન્ટર ઇકોસિસ્ટમ અને ભવિષ્ય માટે ડિજિટલ માળખાકીય સુવિધાની સ્થાપના કરશે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA UPADHYAKSH ELECTION

ગુજરાત વિધાનસભાના આગામી સત્ર પહેલા વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાશે. આગામી 16 તારીખે યોજાનારી આ ચૂંટણી માટે વિધાનસભા દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. ઉમેદવારોએ આવતીકાલે બપોરે 12 વાગ્યા પહેલા ચૂંટણી માટે ઉમેદવારીપપત્ર ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે , અગાઉ જેઠા ભરવાડે ઉપાધ્યક્ષ પદ પરથી રાજીનામું આપતા તે જગ્યા ખાલી પડી હતી.

. . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, ગ્રામ વિસ્તારમાં વિકાસ માટે સરપંચોએ નિયમની જાણકારી સાથે વહીવટી જ્ઞાનનું પણ માર્ગદર્શન મેળવવું જોઈએ. ગાંધીનગરમાં નગરગૃહ ખાતે જિલ્લા પંચાયતના પદાધિકારીઓના સ્નેહમિલન અને તાલિમ શિબિર કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું , બંધારણીય દરજ્જા સાથે તમામ સરપંચની બંધારણીય જવાબદારી મહત્વની છે.

આગામી પાંચ વર્ષના વિકાસકાર્યો માટેના આયોજન તૈયાર કરી વિકાસ માર્ગે આગળ લઈ જવાનો પણ સરપંચોને અનુરોધ કર્યો.

. . . . . . . . . . . . .

# GOVERNOR SAURASHTRA UNIVERSITY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજકોટમાં સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય ખાતે "મહર્ષિ દયાનન્દ સરસ્વતી " વિષય પર ભારતીય સંસ્કૃત સમારોહનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ યુવાનોને સૌરાષ્ટ્રમાં જન્મેલા મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવન પર સંશોધન કરવા અનુરોધ કર્યો. તેમણે કહ્યું , મહર્ષિ દયાનંદજીએ આપણને ભારતીય પ્રાચીન સંસ્કૃતિને નવિનતા સાથે જોડીને પ્રગતિવાદી વિચાર આપ્યા છે. તેમણે ઋષિઓ પાસેથી પ્રાપ્ત કરેલી વૈદિક સંસ્કૃતિને જીવંત રાખવાનું કાર્ય કર્યું હોવાનું પણ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું.

(BYTE: AACHARYA DEVVRAT, GOVERNOR)

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ 'ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિસ્તરણ અને પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ'નો શુભારંભ કરાવ્યો.

સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સંશોધન કેન્દ્ર સ્થાપવાની કુલપતિ પ્રોફેસર ડૉક્ટર ઉત્પલ જોષીએ જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . .

# INDUSTRY GOVT MoU

રાજ્ય સરકાર દ્વારા પિડિલાઇટ ઇન્ડસ્ટ્રી લિમિટેડ , NAMTECH, તાતા I.I..S, જસ્ટ ઓટો , લાર્સન એન્ડ ટૂબ્રો વડનગર અને I.A.C.E. જેવા અગ્રણી ઉદ્યોગ સાથે સમજૂતી કરાર - MoU પર હસ્તાક્ષર કરાયા. રાજ્યના યુવાનોને વૈશ્વિક કૌશલ્ય વ્યાવસાયિક બનાવવા હેતુસર કરાયેલા કરાર અંગે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું , કરાર અંતર્ગત 17થી 25 વર્ષની વયના યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૌશલ્ય ધોરણ મુજબ તાલીમ , ક્ષમતાવર્ધક અને સ્પર્ધાત્મક તૈયારીઓ માટે સક્ષમ બનાવાશે.

ઉપરાંત ઉદ્યોગોની બદલાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને યુવાનોને આધુનિક ટૅક્નિકલ માર્ગદર્શન અને ગુણવત્તાયુક્ત પ્રયોગાત્મક તાલીમ અપાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GUJARAT BOARD EXAM

ગાંધીનગરમાં ગુજરાત માધ્યમિક અન ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા આગામી બૉર્ડ અને ગુજકેટની પરીક્ષા માટે બેઠક યોજાઈ. તેમાં શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ અધિકારીઓ સાથે સંવેદનશીલ કેન્દ્ર, પ્રશ્નપત્ર મોકલવા અને તેના મૂલ્યાંકન અંગે સમીક્ષા કરી. તેમજ પોલીસ બંદોબસ્ત અને અર્ધલશ્કરી દળ , માર્ગ પરિવહન વિભાગ સાથે સમયસર બસ મળવા અંગે સૂચન આપ્યા.

રાજ્યમાં આ વખતે 15 લાખ 27 હજારથી વધુ વિદ્યાર્થીઓ આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ 10 અને 12 બૉર્ડની પરીક્ષા આપશે. જ્યારે આગામી 29 માર્ચે એક લાખ 35 હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા – ગુજકેટ પરીક્ષા આપશે.

. . . . . . . . . . . . .

# RAILWAY GM TAPI VISIT

પશ્ચિમ રેલવેના જનરલ મૅનેજર પ્રદીપ કુમારે તાપીના વ્યારાની મુલાકાત લીધી. તેમણે સુરતના ઉધનાથી મહારાષ્ટ્રના નંદરબાર રેલવે મથક વચ્ચે આવતા મહત્વના મથકની પણ મુલાકાત લઈ અધિકારીઓને જરૂરી સૂચન આપ્યા. દરમિયાન સ્થાનિક નાગરિકોએ રેલવે સ્ટૉપેજ સહિત વિવિધ મુદ્દે તેમને રજૂઆત કરી. આ અંગે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર પ્રદીપ કુમારે વધુ માહિતી આપી.

(BYTE: PRADEEP KUMAR, GENERAL MANAGER, WESTERN RAILWAY)

. . . . . . . . . . . . .

# RAILWAY-CORRIDOR

ભારતીય રેલવેએ તાજેતરમાં જાહેર કરાયેલા ડંકુની—સુરત સમર્પિત માલવાહક કોરિડોરના અમલીકરણને ઝડપી બનાવવા કાર્યવાહી હાથ ધરી છે. કેન્દ્રીય અંદાજપત્રમાં કોરિડોરના અમલીકરણની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રસ્તાવિત નવો કોરિડોર આશરે બે હજાર 100 કિલોમીટર લાંબો હશે અને પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી દાનકુનીથી સુરત સુધી પસાર થશે. આ કોરિડોર દેશના પૂર્વ અને પશ્ચિમ ભાગ વચ્ચે સામાનની અવરજવરમાં સુધારો કરશે.

. . . . . . . . . . . . .

# RAJKOT VERAVAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા મહાશિવરાત્રિના પર્વ નિમિત્તે આવતીકાલથી 17 તારીખ સુધી રાજકોટ અને વેરાવળ વચ્ચે મેળા સ્પેશિયલ ટ્રેન દોડાવાશે. રાજકોટ-વેરાવળ-રાજકોટ અનારક્ષિત દૈનિક સ્પેશિયલ અને રાજકોટ-વેરાવળ સ્પેશિયલ દરરોજ સવારે 6:55 વાગ્યે રાજકોટથી ઉપડશે. જ્યારે વેરાવળ-રાજકોટ સ્પેશિયલ વેરાવળથી બપોરે 3:20 વાગ્યે ઉપડશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# RAJKOT BJP ON BUDGET

રાજકોટમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રીય અંદાજપત્ર અંગે મહિતી આપવા પત્રકાર પરિષદ યોજાઈ. આ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગોપાલકૃષ્ણ અગરવાલે આ અંદાજપત્રને અર્થતંત્રને મજબૂત બનાવવા અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્વનું ગણાવ્યું.

(BYTE: GOPAL KRISHNA AGARWAL,

NATIONAL SPOKESPERSON BJP)

. . . . . . . . . . . . .

# PATAN NAKLI GHEE

પાટણમાં ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 49 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો કબજે કરાયો. ઘીના નમૂના લઈ તેની તપાસ માટે પ્રયોગશાળામાં મોકલાયા છે. મળતી માહિતી મુજબ , રોડલાઇન્સ ટ્રાન્સપોર્ટમાં તપાસ કરતાં સ્થળ પરથી પાંચ કિલોના કુલ 10 ટીન મળી આવ્યા હતા. તેની ઉપર કોઈ લેબલિંગ નહતું અને પરિવહન માટે જરૂરી પહોંચ પણ રજૂ કરાયા નહતા. નિયમના ભંગ બદલ અંદાજે 34 હજાર 300 રૂપિયાનો ઘીનો જથ્થો કબજે કરાયો છે.

. . . . . . . . . . . . .

# ICC T20 INDIA MATCH

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત અને નામિબિયા વચ્ચે મેચ રમાઈ રહી છે. દિલ્હીના અરૂણ જેટલી સ્ટૅડિયમમાં શરૂ થયેલી મૅચમાં ગેરહાર્ડ ઇરાસ્મસની આગેવાની હેઠળની નામિબિયાની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ , સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે 3 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 35 રન કર્યા છે.

આ પહેલા ગયા શનિવારે મુંબઈમાં રમાયેલી મેચમાં ભારતે સંયુક્ત રાજ્ય અમેરિકા – USAની ટીમે 29 રનથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# VADODARA SHOTGUN SHOOTING

વડોદરામાં આજથી ચાર દિવસની ખેલ મહાકુંભ શૉટગન શૂટિંગ સ્પર્ધાનો પ્રારંભ થયો. સાવલી તાલુકા રાયફલ એસોસિએશન ખાતે યોજાયેલી સ્પર્ધામાં રાજ્યભરમાંથી બે મહિલા ખેલાડી વંદના ચુડાસમા અને પ્રિશા આહીર સહિત 42 પુરુષ ખેલાડી ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . .